ગાંધીનગર સમાચાર

# આરબીઆઈ તેની મધ્ય સત્ર નાણાકીય નીતિ સમીક્ષામાં વ્યાજદરમાં ઘટાડો કરશે

મુંબઈ, તા.૧૬

જેની ઉત્સુક્તાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે રિઝર્વ બેંકની મધ્ય ત્રિમાસિક નાણાકીય નીતિ સમીક્ષા આવતીકાલે સવારે જાહેર થનાર છે. વિશ્વસનીય સૂત્રો પાસેથી પ્રાપ્ત અહેવાલ મુજબ આરબીઆઈ તેની મધ્ય સત્ર નાણાકીય નીતિ સમીક્ષામાં વ્યાજદરમાં ઘટાડો કરશે. આ ઘટાડો ૨૫ બેઝિક પોઈન્ટ સુધીનો હોઈ શકે છે. જોકે બેંકરો પણ રેટમાં ઘટાડાને લઈને એકમત નથી. સીઆરઆરમાં એક ટકાનો ઘટાડો થવાની શક્યતા દેખાઈ રહી છે. આરબીઆઈ રેપો રેટમાં૦.૨૫ ટકાનો ઘટાડો કરશે તેવી આશા ઓબીસીનાં વડા એસ.એલ.બંસલે વ્યક્ત કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૮માં ક્રેડિટ કટોકટી શરૂ થયા બાદ આરબીઆઈએ ઓક્ટોબર ૨૦૧૦થી રેટમાં વધારો ઝીંકવાનો સીલસીલો શરૂ કર્યો હતો જે ડિસેમ્બર ૨૦૧૧ સુધી ચાલ્યો હતો. આરબીઆઈએ રેપો રેટમાં ૪.૨૫ ટકા સુધીનો જંગી વધારો કરીને રેટને ૮.૫૦ ટકા સુધી કરી દીધો હતો. સતત ૧૩ વખત વ્યાજદરમાં વધારો કરાયો હતો. જોકે આરબીઆઈએ આ વર્ષે જાન્યુઆરી મહિનામાં સીઆરઆરમાં ૦.૫૦ ટકાનો ઘટાડો કર્યો હતો જ્યારે માર્ચ મહિનામાં સિસ્ટમમાં લિક્વિડીટી ઠાલવવા વધુ ૦.૭૫ ટકાનો ઘટાડો કર્યો હતો. એપ્રિલ મહિનામાં બેંકે રેપો રેટમાં ૦.૫૦ ટકાનો ઘટાડો કર્યો હતો. નિષ્ણાંતો માને છે કે, આવતીકાલે પણ ઘટાડાનો સિલસિલો આગળ વધી શકે છે.

આરબીઆઈ ફુગાવાને અંકુશમાં લેવા માટે વ્યાજદરમાં કાપ મૂકે છે કે કેમ તેને લઈને શેરબજાર, ઉદ્યોગ જગત સહિત તમામ લોકોની નજર કેન્દ્રિત થઈ ગ છે. વ્યાજ દર ઘટવાની સ્થિતિમાં બજારમાં તેજી આવવાના સંકેત દેખાઈ રહ્યા છે. જોકે આરબીઆઈ છેલ્લાં ઘણાં દિવસથી તમામ પાસાઓ ઉપર વિચારણા કરી રહી છે. કેશ રિઝર્વ રેશિયો (સીઆરઆર), રેપો રેટ અને રિવર્સ રેપો રેટને લઈને બજાર સાથે સંકળાયેલા નિષ્ણાંતોમાં ચર્ચા ચાલી રહી છે. ઓગસ્ટમાં ફુગાવો વધીને ૭.૫૫ ટકા થઈ ગયો છે આવી સ્થિતિમાં આરબીઆઈનાં ગવર્નર ડી.સુબ્બારાવ કેવા પગલાં લે છે તેને લઈને અટકળો શરૂ થઈ ચૂકી છે. વડાપ્રધાન મનમોહનસિંહના નેતૃત્વમાં યુપીએ સરકારે છેલ્લાં થોડા દિવસોમાં ઘણાં સાહસી પગલાં લીધા છે જેમાં ઝડપી આર્થિક સુધારાઓનો સમાવેશ થાય છે.

ડીઝલની કિંમતમાં જંગી વધારો, એલપીજીનાં સબસિડીવાળા સિલિન્ડરોને મર્યાદિત કરવા અને મલ્ટીબ્રાન્ડ રિટેલમાં એફડીઆઈને મંજુરી આપવાનાં નિર્ણયો વચ્ચે આરબીઆઈ પણ હવે બજારમાં તેજી લાવવાનાં હેતુસર મહત્વપૂર્ણ પગલા જાહેર કરી શકે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા વ્યાજદર ઘટાડવાના મામલે ચોક્કસપણે આગળ વધશે. મોટાભાગના નિષ્ણાંતો માને છે કે રિઝર્વ બેંક વ્યાજદરમાં નજીવો ઘટાડો કરશે. અગાઉના મહિનામાં ૬.૮૭ ટકાની સરખામણીમાં ઓગસ્ટમાં ફુગાવો વધીને ૭.૫૫ ટકા થઈ ગયો છે સાથે સાથે કેટલીક ચીજ-વસ્તુઓ મોંઘી થઈ ગઈ છે. આવી સ્થિતિમાં સુબ્બારાવ પાસે વધારે વિકલ્પ રહ્યા નથી. રાજકીય વર્તુળોમાં પણ એવી ચર્ચા છે કે, રિઝર્વ બેંક ફિલગુડ દિશામાં આગળ વધી શકે છે અને વ્યાજદરમાં ઘટાડો કરી શકે છે. ટાઈટ પૉલિસીને હળવી કરવા આરબીઆઈ ઉપર ભારતીય કંપનીઓએ દબાણ વધાર્યું છે. આરબીઆઈ વિકાસને ઝડપી બનાવવા અન્ય પગલાઓ પણ જાહેર કરી શકે છે. અલબત્ત ડીઝલની કિંમતમાં ભાવ વધારો અને રાંધણગેસની કિંમત મહિનાના આધાર ઉપર નક્કી કરવાની બાબતથી ફુગાવા ઉપર સીધી અસર થશે. ફુગાવા ઉપર આની ૬૦ બેઝિક પોઈન્ટ સુધી અસર થઈ શકે છે. બજારનાં નિષ્ણાંતોના જણાવ્યા મુજબ કેશ રિઝર્વ રેશિયોમાં પણ ઘટાડો કરવાનો અવકાશ છે. રેટના મામલે આરબીઆઈના મધ્ય સત્ર ૪-૫ ટકાનો ટાર્ગેટ કરતાં ફુગાવાનો દર ઉંચો છે છતાં રેટમાં ૨૫થી ૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ શકે છે. આના માટે વિકાસમાં ઘટાડો મુખ્ય કારણરૂપ છે. આરબીઆઈ દ્વારા ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો વ્યાજદરમાં કરવામાં આવી શકે છે. મોટાભાગના અર્થશાસ્ત્રીઓ આવો મત વ્યક્ત કરી રહ્યા છે. અર્થશાસ્ત્રીઓ માને છે કે ડીઝલની કિંમતમાં તીવ્ર વધારો થતાં એવા સંકેત આવ્યા છે કે સરકાર નાણાકીય સ્થિતિને મજબુત કરવા કઠોર નિર્ણયોની દિશામાં આગળ વધવા જઈ રહી છે.

## રૂદ્રપ્રયાગમાં વાદળ ફાટતાં વધુ પાંચના મોત નિપજ્યાં

દહેરાદુન, તા.૧૬

રૂદ્રપ્રયાગ જિલ્લાનાં ઉખીમઠ ખાતે વાદળ ફાટવાનો સિલસિલો જારી રહ્યો છે. ૩૬ લોકોનાં મોત થયાનાં ૪૮ કલાકનાં ગાળામાં આજે ફરી એકવાર જિલ્લાનાં જખોલી વિસ્તારમાં વાદળ ફાટવાની ઘટના બની હતી જેમાં પાંચ લોકોનાં મોત થયા હતાં. આની સાથે જ છેલ્લાં ચાર દિવસમાં મોતનો આંકડો ઝડપથી વધી ગયો છે. ૫૦થી વધુ લોકો પહેલાંથી જ લાપતા થયેલા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધનાં ધોરણે હાથ ધરવામાં આવી છે. ભારે વરસાદનાં કારણે રાહત કામગીરીમાં અડચણો આવી રહી છે.

ઉત્તરાખંડ ડિઝાસ્ટર મેનેજમેન્ટનું કહેવું છે કે, આ બનાવ આજે વહેલી સવારે બન્યો હતો. આ બનાવનાં કારણે કિરોડીમલ્લા ગામના અનેક મકાનો ધરાશાયી થઈ ગયા હતાં. ત્રણ મહિલાઓ સહિત પાંચ લોકોનાં મોત થયા હતાં. બચાવ કામગીરીમાં સેના અને આઈટીબીપીના જવાનો જોડાયા છે. વહીવટી તંત્રના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા છે. ભારે વરસાદના કારણે ચારધામની યાત્રામાં ગયેલા શ્રદ્ધાળુઓ અટવાયા છે કારણ કે મુખ્ય રાજમાર્ગો બંધ કરાયા છે. હાલમાં જ રૂદ્રપ્રયાગમાં વાદળ ફાટવાથી ૩૬ લોકોનાં મોત થયા હતાં. લાપતા થયેલાં લોકોનાં સંબંધમાં વધારે માહિતી મળી શકી નથી. સૌથી વધારે અસર ઉખીમઠ વિસ્તારમાં થઈ છે.

# સરહદ ઉપર પહાડી શિખર પર પોર્ટેબલ રડાર ગોઠવાશે

નવીદિલ્હી, તા.૧૬

ચીન તરફથી થનારી કોઈપણ સંભવિત હવાઈ કાર્યવાહીનો સામનો કરવાનાં હેતુસર ભારતીય હવાઈદળે સરહદ સાથે સંકળાયેલા પહાડનાં શિખરો પર પોર્ટેબલ રડાર તૈનાત કરવાની તૈયાર કરી લીધી છે. એમ માનવામાં આવે છે કે ચીનનાં સંરક્ષણ પ્રધાન જનરલ લિયાંગની બે દિવસની યાત્રાના કારણે આ દિશામાં ગતિવિધિને રોકી દેવામાં આવી હતી. હવે ફરીથી આ દિશામાં સક્રિય પગલાં લેવામાં આવ્યા છે. જાણકાર સૂત્રોએ કહ્યું છે કે, લડાખ ક્ષેત્રમાં ઘણી પહાડીઓનો સર્વે કરવામાં આવ્યો ચૂક્યો છે. સર્વે કરવામાં આવ્યા બાદ આ તમામ ટોચના શિખરો ઉપર રડાર તૈનાત કરવામાં આવશે. આ રડારની ચકાસણી પણ શિખરો પર લઈ જઈને થઈ ચૂકી છે. સૂત્રો મુજબ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ રડાર ડેવલ્પમેન્ટ દ્વારા વિકસિત કરવામાં આવેલાં આ રડારની મદદથી ખૂબજ નીચાણમાં ઉડાણ ભરનાર હેલિકોપ્ટરોને નિહાળી શકાશે. સાથે સાથે જમીન ઉપર ચાલી રહેલાં લોકોની અવર-જવરને આ રડારમાં જોઈ શકાશે. અત્રે નોંધનીય છે કે, તાજેતરમાં હવાઈ દળના અભિયાન સાથે સંકળાયેલ દળોએ કેટલાંક પહાડી શિખરો ઉપર નજર કરી હતી. આ ગાળા દરમિયાન મુખ્યરૂપે રડાર તૈનાત કરવાની ચર્ચા કરાઈ હતી. ચર્ચા અને ચકાસણી કરાયા બાદ રડાર ગોઠવવાનો નિર્ણય લેવાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, પૂર્વીય લડાખ ક્ષેત્રમાં ગયા વર્ષે ચીની હેલિકોપ્ટરનાં અતિક્રમણની ઘટનાઓ સપાટી પર આવી હતી. હાલમાં પહાડી ક્ષેત્રોમાં કોઈપણ વ્યવસ્થા નજર રાખવામાં આવી નથી. પોર્ટેબલ રડાર ગોઠવી દેવામાં આવ્યા બાદ આ તકલીફ દૂર થશે. ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે આ અંગે એવા અહેવાલ મળ્યા હતાં કે ચીનનાં બે હેલિકોપ્ટરો ૨૫ ઓગસ્ટ ન્યોમા વિસ્તારમાં ઘુસી ગયા હતાં. ચીની સૈનિકોએ ઉતરીને પોતાની હાજરી પુરવાર કરી હતી. આ અગાઉ ૨૧ જુન ૨૦૦૯નાં દિવસે લડાખમાં એક ચીની હેલિકોપ્ટર ભારતીય સરહદમાં ઘુસી ગયું હતું. જમ્મુ-કાશ્મીરમાં આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર પહેલાંથી જ સાવધાની રાખવામાં આવી છે.

## વિદ્યા બાલન ફરીથી બંગાળી ફિલ્મોમાં નજરે પડશે

મુંબઈ,તા.૧૬

અભિનેત્રી વિદ્યા બાલને પોતાની એક્ટિંગ કેરિયરની શરૂઆત બંગાળી ફિલ્મ ભાલો થેકો મારફતે કરી હતી. હવે વિદ્યા બાલનને ફરી એકવાર બંગાળી ફિલ્મની ઓફ કરવામાં આવી છે. મળેલી માહિતી મુજબ વિદ્યા બાલન જાણીતા ફિલ્મ નિર્દેશક રિતુપર્ણો ઘોષની ફિલ્મમાં નજરે પડશે. રિતુપર્ણોએ થોડાક દિવસ પહેલા જ વિદ્યા બાલનને બંગાળી ફિલ્મમાં કામ કરવાની ઓફર કરી હતી. વિદ્યા બાલને આ ઓફર સ્વીકારી લીદી હોવાનું જાણવા મળી રહ્યું છે. વિદ્યા બાલન હાલના સમયમાં હિન્દી ફિલ્મોમાં વ્યસ્ત છે. જો કે વિદ્યાબાલને કહ્યું છે કે સમય મળતાની સાથે જ તે બંગાળી ફિલ્મોમાં ચોક્કસ કામ કરશે. વિદ્યા બાલન ડર્ટી પિક્ચર સુપરહિટ થયા બાદ ટોચની અભિનેત્રી તરીકે ઉભરી આવી છે. તે મોટી મોટી ફિલ્મો મેળવી રહી છે.



વિદ્યા બાલનની માંગ પણ સતત વધી ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે વિદ્યા બાલન બંગાળી ભાષા ખુબ સારી રીતે બોલી શકે છે. કોલકત્તાને તે ખુબ પસંદ કરે છે. તેનુ કહેવુ છે કે અગાઉના જન્મમાં તે બંગાળી હતી. બંગાળ સાથે તેના સંબંધ રહેલા છે. વિદ્યા બાલને પોતાની પ્રથમ ફિલ્મ પરિણિતામાં પણ બંગાળી યુવતિની ભૂમિકા અદા કરી હતી. કહાની ફિલ્મનું શુટિંગ પણ કોલકત્તામાં કરવામાં આવ્યું હતું. આ ફિલ્મમાં તેની ભૂમિકાની પ્રશંસા થઈ હતી. તેમાં પણ તેની ભૂમિકા એક બંગાળી યુવતિની હતી. ટુંકમાં તે બંગાળી યુવતિની ભૂમિકા સતત અદા કરી રહી છે. જેથી હવે બંગાળી ફિલ્મમાં કામ કરતી વેળ તેને વધારે તકલીફ પડશે નહી. તેનુ કહેવુ છે કે તે કોમેડી ફિલ્મને લઈને નર્વસ થઈ જાય છે. તેના મતે કોમેડી ફિલ્મો હમેંશા પડકારરૂપ હોય છે. સૌથી મુશ્કેલ ભૂમિકા તે કોમેડીને માને છે.

# ભારત આ વર્ષે ૧.૭૫ લાખ ટન ખાતરની નેપાળમાં નિકાસ કરશે

નવી દિલ્હી.તા. ૧૬

નેપાલ સાથે દ્વિપક્ષીય સંબંધો અને વેપાર સંબંધોને મજબુત કરવાના ભાગરૂપે ભારત આ વર્ષે નેપાળમાં ૧.૭૫ લાખ ટન ખાતરની નિકાસ કરનાર છે. વર્ષ ૨૦૧૧માં પડોશી દેશમાં ૧.૨ લાખ ટન યુરિયા અને ડી-અમોનિયમ ફોસ્ફેટની નિકાસ કરવામાં આવી હતી. રાજદ્વારી ચેનલો મારફતે નેપાલમાં આ જથ્થાની નિકાસ કરવામાં આવી હતી. એક વરિષ્ટ સરકારી અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે અમે દર વર્ષે નેપાલમાં ઓછા પ્રમાણમાં ખાતરની નિકાસ કરીએ છીએ. વર્ષ ૨૦૧૨-૧૩ના નાણાંકીય વર્ષમાં અમે યુરિયા અને ડી-અમોનિયમ ફોસ્ફેટના ૧.૭૫ લાખ ટનના જથ્થાની નિકાસ માટેની દરખાસ્તને લીલીઝંડી આપી ચુક્યા છીએ. તેમણે કહ્યું હતું કે કુલ ખાતર નિકાસ પૈકી યુરિયાની નિકાસ ૬૦૦૦૦ ટન રહેશે. જ્યારે ડીએપી અને અન્ય ખાતરની નિકાસ ૧.૨૫ લાખ ટનની આસપાસ રહેશે. અધિકારીએ કહ્યું છે કે આ ખાતરો નેપાલમાં સબસિડીના રેટમાં નિકાસ કરવામાં આવસે નહી. પરંતુ આયાત કિંમતે આધારે નિકાસ કરવામાં આવસે. આ નિકાસથી ભારત અને નેપાલ વચ્ચે દ્વિપક્ષીય સંબંધો વધુ મજબુત બની રહ્યા છે. નિકાસ અને આયાતના સરળ પ્રવાહના લીધે ભારત-નેપાળ સરહદ સરહદ મારફતે ખાતરોની દાણચોરીને પણ રોકવામાં મદદ મળશે. નિકાસની કામગારી રાજદ્વારી ચેનલ મારફતે હાથ ધરવામાં આવશે. છેલ્લા વર્ષે યુરિયા અને ડીએપીનો ૧.૨ લાખ ટનના જથ્થાની નિકાસ કરવામાં આવી હતી. નેપાળ સિવાય ભારત અન્ય કોઈ દેશને ખાતરની નિકાસ કરતુ નથી. કારણ કે ભારત પોતાની સ્થાનિક તકલીફને આના લીધે પૂર્ણ કરે છે. દેશમાં પોટાશ અને ફોસ્ફેટિક ખાતરની તંગી છે. આ બન્નેની આયાત કરવાની ભારતને ફરજ પડે છે. અત્રે નોંધનીય છે કે ભારતે પોટાશ અને યુરિયા બંનેની ૬ મિલિયન ટનની આયાત કરી હતી.

## કાશ્મીરમાં અથડામણમાં એક ત્રાસવાદી ઠાર

શ્રીનગર, તા.૧૬

ઉત્તર કાશ્મીરનાં બારામુલામાં સૈનિકો અને આતંકવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં એક આતંકવાદી ઠાર મરાયો છે. સંરક્ષણ પ્રવક્તા લેફટી. કર્નલ જે.એસ.બરાતે કહ્યુંછે કે, જિલ્લાનાં ઉરી સેકટરમાં કરાટામાં ૧૭ ડોગરા રેજિમેંટના સૈનિકોએ કેટલાંક આતંકવાદીઓની હિલચાલ જોઈ હતી. આતંકવાદીઓને જોયા બાદ શરણાગતિ સ્વીકારી લેવા તેમને કહેવામાં આવ્યું હતું પરંતુ આતંકવાદીઓએ શરણાગતિ સ્વીકારવાના બદલે ગોળીબાર કર્યો હતો, જેનાં જવાબમાં ભારતીય સૈનિકોએ પણ ગોળીબાર કર્યો હતો. આ ગોળીબારમાં એક આતંકવાદી ઠાર થયો હતો. આતંકવાદીઓ પાસેથી કેટલાંક હથિયારો પણ મળી આવ્યાં છે. અન્ય સેનાની ટુકડી પણ મદદ માટે મોકલવામાં આવી હતી. આજે વહેલી પરોઢે આતંકવાદીઓની શોધખોળ માટે સુરક્ષા દળોએ ખાસ ઓપરેશન હાથ ધર્યું હતું. આ ગાળા દરમિયાન એક આતંકવાદીનો મૃતદેહ મળી આવ્યો હતો. હાલમાં જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ ફરી એકવાર તેમની હાજરી પુરવાર કરવાના પ્રયાસ કરી રહ્યા છે જેના કારણે ઘુસણખોરીના બનાવોમાં વધારો થયો છે.

# નિવૃત્તિ લેવાની હાલમાં કોઈ જ યોજના નથી : વિશ્વનાથન

ચેન્નઈ, તા.૧૬

વિશ્વનાથન આનંદ ફીડે રેન્કિંગમાં સ્થાન ધરાવતાં દુનિયાનાં ટોચનાં દસ ખેલાડીઓમાં બીજા સૌથી મોટી વયનાં ખેલાડી તરીકે છે પરંતુ વર્તમાન વિશ્વસ ચેસ ચેમ્પિયને હાલમાં નિવૃત્તિ લેવાની કોઈ યોજના હોવાનો ઈન્કાર કર્યો છે. ૪૨ વર્ષીય વિશ્વનાથન આનંદે કહ્યું છે કે, તે નિવૃત્તિ લેવાનાં સંબંધમાં વિચારી રહ્યો નથી. આ વર્ષે મે મહિનામાં પણ વિશ્વનાથન આનંદે મોટી સિદ્ધી મેળવી હતી. મે મહિનામાં મોસ્કોમાં બોરીસ ગેલફેન્ડ સામે વિશ્વ ચેમ્પિયનશીપ પાંચ વખત આ ચેમ્પિયનશીપ જીતી ચૂક્યો છે. નિવૃત્તિના સંબંધમાં હાલ વિચારી રહ્યો નથી.



વિશ્વનાથન આનંદે સંકેત આપ્યો છે કે તે વર્ષ ૨૦૧૪માં પણ ટ્રોફી જાળવી રાખવાના ઈરાદે સાથે રમશે. આનંદ વર્તમાન વિશ્વ ચેમ્પિયન છે પરંતુ નોર્વેના મેગ્નેસસ કાર્લસન ફીડે દ્વારા વિશ્વ રેટિંગમાં પ્રથમ સ્થાને છે, તે વયમાં આંનદ કરતાં અડધી વયનો છે. મેગ્નેસસની વય ૨૧ વર્ષની છે. માત્ર યુક્રેનનાં વાસીલે ઈવાન્ચુક આનંદ કરતાં વધુ વયના છે. વિશ્વ રેન્કિંગમાં ઈવાન્ચુક હાલમાં નવમા સ્થાને છે. વિશ્વનાથન આનંદ છેલ્લાં બે દશકથી ચેસમાં વર્ચસ્વ ધરાવે છે. આ ગાળા દરમિયાન વિશ્વનાથ આનંદે અનેક મોટી સ્પર્ધાઓ જીતી છે અને ટોચના ખેલાડીઓને હાર આપી છે. ભારતનાં આ મહાન ચેસ ખેલાડી બોરીસ ગેલફેન્ડને તમામ વર્ગોમાં સૌથી શક્તિશાળી તરીકે ગણે છે. શતરંજના શહેનશાહ તરીકે પણ વિશ્વનાથન આનંદની ગણતરી કરવામાં આવે છે. અનેક પ્રતિષ્ઠિત એવોર્ડ પણ તે પોતાનાં નામે કરી ચૂક્યા છે.

### નર્સ...એક પ્રેતકથા (પાના નં. ૪ નું ચાલુ)

ત્યાં એકદમ શિલ્પાબેન બોલી ઉઠ્યાં. સૂરજ, ઝટ જુઓ, ગેઈટના લોખંડના સળીયા વચ્ચે બે હાથ લાંબા કરી પેલી નર્સ મોનીકા બોલાવી રહી છે. ખૂબ જ ડરામણા સ્વરે કહેવાયેલી વાત સૂરજભાઈને ગભરાવી ગઈ. તેમણે તરત જોયું પણ ત્યાં કોઈ ન હતું. શિલ્પાબેન હજુ તીણા અવાજે સૂરજનો હાથ પકડી ધ્રુજતા સ્વરે એ જ વાત કહી રહ્યા હતા. પણ ત્યાં કોઈ ન હતું.

સૂરજભાઈ પત્નિને હાથ પકડી બેસાડી, આંખો બંધ કરાવી હળવે હળવે તેમને શાંત કરવા લાગ્યા અને મનની શંકા સિવાય કશું નથી તેમ કહેવા લાગ્યા.

ઘડી પછી શિલ્પાબેને ખૂબ ડરતાં ડરતાં જોયું તો ત્યાં કોઈ ન હતું. શું મનનો વહેમ હશે? મને એકલીને જ કેમ આમ થાય છે? ના, ના ખરેખર મનનો ડર છે અને તેમણે મન ઉપર અંકુશ મેળવ્યો. મન હળવું કરવા લાગ્યા. પણ રહી રહીને ઊંડે ઊંડે ડર સતાવતો હતો.

ડિસેમ્બર મહિનો આવ્યો. નાતાલની ઉજવણીમાં સૌ લાગ્યા હતાં. મોલ્સ, દુકાનો, શોરૂમ વગેરે રોશનીથી શણગારાયેલાં હતા. સૌ શોપિંગનો આનંદ લઈ રહ્યાં હતાં. શનિવારની રાત્રે સૂરજભાઈ, શિલ્પાબેન, નોકર અને રાહુલ એક વિશાળ મોલમાં પહોંચ્યા. ભારે રોશની અને ભારે ભીડ હતી. સૌ વ્યસ્ત હતાં. દિકરાને સૂરજભાઈએ તેડ્યો હતો. નોકરના હાથમાં બેગ્સ હતી. એક કાઉન્ટર ઉપર ત્રણે રાહુલની વસ્તુઓ પસંદ કરી રહ્યા હતાં.

રાહુલ ચારે તરફ કુતુહલથી બધું જોતો હતો. ત્યાં રાહુલને તેડવા પાછળથી બે હાથ લાંબા થયા. સૂરજભાઈએ પાછળ જોયું અને...!

(વધુ આવતા સપ્તાહે)

# અમેરિકા, પાકિસ્તાન કરતાં ભારતમાં ડીઝલ ખૂબ સસ્તું

મુંબઈ, તા.૧૬

તાજેતરમાં જ કમરતોડ ભાવ વધારો ઝીંકવામાં આવ્યા બાદ પણ ભારતમાં ડીઝલની કિંમત અમેરિકા અને પાકિસ્તાન કરતાં ઓછી છે. ભારતમાં ડીઝલની કિંમત પડોશી પાકિસ્તાન અને બાંગ્લાદેશ કરતાં પણ ઓછી છે. અમેરિકા અને યુરોપિયન દેશોમાં ડીઝલની કિંમત ભારત કરતાં વધારે છે. ૧૪મી સપ્ટેમ્બરનાં દિવસે ડીઝલની કિંમતમાં લિટરદીઠ ૫.૬૩નો વધારો કરવામાં આવ્યો હતો જેથી દિલ્હીમાં ડીઝલની કિંમત લિટરદીઠ ૪૬.૯૫ થઈ ગઈ હતી. ભારતમાં ડીઝલની કિંમત બાંગ્લાદેશ કરતાં ઓછી છે. બાંગ્લાદેશમાં ડીઝલની કિંમત લિટરદીઠ ૪૯.૦૮



છે જ્યારે પાકિસ્તાનમાં ડીઝલની કિંમત ૫૯.૫૬ રૂપિયા છે. નેપાળમાં ડીઝલની કિંમત ૫૭.૯૧ રૂપિયા છે. ડીઝલની કિંમતમાં લિટરદીઠ પાંચથી વધુનો વધારો કરવામાં આવ્યા બાદ દેશનાં લોકો અને યુપીએનાં સાથી પક્ષો નારાજ છે ત્યારે આ ભાવ વધારાની અન્ય દેશો સાથે સરખામણી કરાતાં ભાવ ઓછો દેખાઈ રહ્યો છે.પેટ્રોલિયમ અને કુદરતી ગેસ દ્વારા તૈયાર કરવામાં આવેલાં આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. અમેરિકામાં ડીઝલની કિંમત લિટરદીઠ ૫૪.૫૫ છે જ્યારે ફ્રાંસમાં આની કિંમત ૭૭.૮૪ છે. આવીજ રીતે જર્મનીમાં ૯૯.૩૮ અને ઈટાલીમાં ૯૩.૧૧ રૂપિયા છે. ક્રુડ ઓઈલની કિંમતમાં ૨૮ ટકાનો વધારો થયા બાદ ૧૪ મહિનામાં પ્રથમ વખત ભાવ વધારો કરવામાં આવ્યો છે. ભારત તેની ઓઈલ જરૂરિયાતો પૈકીની ૮૯ ટકા ઓઈલની આયાત કરે છે. અત્રે નોંધનીય છે કે, ભાવ વધારો ઝીંકાયો હોવા છતાં ઓઈલ કંપનીઓને ડીઝલ પર રેકોર્ડ ૧૭.૦૫ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું હતું. ઈન્ડિયન ઓઈલ, હિંદુસ્તાન પેટ્રોલિયમ, ભારત પેટ્રોલિયમને વર્તમાન નાણાંકીય વર્ષમાં માત્ર ડીઝલના વેચાણ ઉપર મહેસુલ ઉપર ૧૧૭૭૮૦ કરોડનું નુકસાન થવાનો અંદાજ છે. કેરોસીન ઉપર લિટરદીઠ ૩૨.૭૦ રૂપિયા, એલપીજી પર સિલિન્ડર દીઠ ૩૪૭ રૂપિયાનું નુકસાન થઈ રહ્યુંછે. કિંમતમાં વધારો થતાં ડીઝલનાં વેચાણ પર નુકસાનને વર્તમાન નાણાંકીય વર્ષના બાકીના ગાળા દરમિયાન ૧૫૦૦ કરોડ સુધી બચાવી શકાશે.

## સમાચાર ઝલક

- આજે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીનો જન્મદિન.
- મનાલી હાઇવે હજુ બંધ, વરસાદ થતા રસ્તા ધોવાતાં પરિસ્થિતિ ખરાબ.
- ચીનનો દોરડા પર વાંસ પકડીને ચાલવાનો નવો વર્લ્ડ રેકોર્ડ.
- મોંઘવારી અંગે વિવાદાસ્પદ વિધાન કરતા શિવસેનાના નેતા.
- સુબ્રમણ્યિમ સ્વામી પાલનપુરની મુલાકાતે.
- પોરબંદરમાં પરણિતાએ ૯ વર્ષ બાદ પતિ સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી.
- કોલસાની ખાણો અહેમદ પટેલની ભલામણથી ફાળવાઇ હતી : વડાપ્રધાન મનમોહનસિંહ.
- સેલ ટેક્સ અધિકારી રૂપિયા પચ્ચીસ લાખના લાંચ છટકામાં ઝડપાયા, લાંચ રૂશ્વત બ્યુરોએ અત્યાર સુધીનો સૌથી મોટો કેસ પકડ્યાનો દાવો કર્યો.
- રાજ્ય પોલીસને સુરક્ષા માટે ૨૯ જેટલા વાહનો બુલેટપ્રુફ મળ્યા, આ વાહનોનાં ટાયરો પણ બુલેટપ્રુફ.
- પંજાબના પશુપાલન મંત્રી મોટી રકમના ગોટાળાની તપાસમાં ફસાયા, મંત્રીપદેથી રાજીનામું આપ્યું.
- ક્રિકેટર વિરાટ કોહલી ચાલુ વર્ષે બન્યો વિશ્વનો સર્વશ્રેષ્ઠ ક્રિકેટર.
- અમદાવાદમાં વિશ્વકર્મા સમાજનું વિશાળ સંમેલન, વડાપ્રધાનનાં મુખ્ય સલાહકાર સામ પિત્રોડાની ખાસ હાજરી.
- જસદણમાં વીજળી પડવાથી વીજળીનાં ઉપકરણો બળી ગયા.
- દરેક જિલ્લામાં સ્પોર્ટ્સ સંકુલ બનશે : મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી.
- દામોદર કુંડમાં પુરૂષોત્તમ માસનાં અમાસનાં દિવસે મોટી સંખ્યામાં ભક્તોએ ડુબકી લગાવી.
- અમેરિકાએ ટ્યુનિશિયા, ટાન્ઝાનિયા તથા નાના મુસ્લિમ દેશોમાંથી પોતાના રાજદૂતોને પાછા બોલાવ્યાં.
- અમેરિકામાં શ્રી રાહુલ ગાંધીને લોકોનો રોષનો પરચો દેખાયો.
- ગાઝિયાબાદમાં પરિસ્થિતિ થાળે પડતી જાય છે.
- ખેડા જિલ્લામાં વિવેકાનંદ રથયાત્રાનો રથ કાદવમાં ફસાયો.

### શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

સહજતાથી સર્જાતી શબ્દ રચનાને કારણે કલમ ધાર્યા પ્રદેશમાં સફર કરે છે. કાવ્યોમાં સુકુમારના, મધુરતા અને દેશભક્તિનો ભરપુર ભાવ છે.

કવિતાનાં અનેકવિધ રૂપો-પુષ્પો ખીલતાં રહે છે. તેમાં ઉર્મિલની કવિતા અંગે ઉર્મિલના ઉછાળાની વાત કરતાં જાણીતા કવિ પ્રવિણ ગઢવી કહે છે કે, 'ગુજરાતી ભાષામાં કવિ ન્હાનાલાલે નાગર સ્ત્રીઓમાં ગવાતાં ગીતોના ઢાળ લઈ સૌંદર્ય ગીતો, રચવાની શરૂઆત કરી. મેઘાણીએ લોકમાં ગવાતા ગીતો, ભજનો, દુહો, રાસડા અને ચારણી છંદોના લયનો ઉપયોગ કરી નવયુગનાં ગીતો ગાયા. કલેવર જૂના પ્રાણ નવાં દુલા કાગે પણ લોક ઢાળોમાં ગળું વહેલું મુકયું એ જ પરંપરાને ભરત કવિએ આગળ વધારી છે. અને ગાવા ગમે એવા ગીત તથા ડાયરા - મુશાયરામાં નિંદર ઉડાડી મુકે એવા ગઝલના શૅર આપ્યા છે.

આ બધી સુંદર રચનાઓ વચ્ચે હાલમાં જ્યારે ચુંટણીના પડઘમ સંભળાઈ રહ્યા છે ત્યારે નેતાઓ પર પ્રહારનાં વ્યંગાત્મક હાઈકુ વાસ્તવિકતાનું દર્શન કરાવી જાય છે એવાં આ હાઈકુ તમારી સમક્ષ મુકું છું.

**નેતા રે આયા**
**વચનો ઠાંસી ઠાંસી**
**ગાડાં રે લાયા,**

**દુષણ મારાં**
**ચિત્તના ધરો યારો,**
**ચૂંટણી લગી.**

**થાય કિંમત**
**મતદારોની આજ**
**મોંઘા મૂલથી.**

### હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

દરરોજ શરીરને નિયમિત માત્રામાં આરામ મળવો, ઊંઘ મેળવવી જરૂરી છે. જેનાથી બીજે દિવસે કાર્ય કરવાની શક્તિ મળે છે. આ રીતે કાર્ય કરવાની શક્તિ મળે છે. આ રીતે કાર્ય પૂરું થાય ત્યાં સુધી બેચેની, યાદ નિરાશા જેવી લાગણીઓનાં અનુભવથી દૂર રહી શકાય છે.

ઇશ્વરે આપણને માનવજીવન ભેટ આપેલું છે. પ્રભુએ આપણા જન્મ થતાં જ સિત્તેરથી નેવું વર્ષનો સમય "ઓપનિંગ બેલેન્સ" તરીકે જમા કરાવીને આપણા હાથમાં 'સમય બેંક'ની કોરી ચેકબુક આપી દીધી. આપણે તેનો ઉપયોગ કરવા સંપૂર્ણ સ્વતંત્ર છીએ. વેડફી પણ શકીએ અને સુવ્યવસ્થિત રીતે ઉપયોગ પણ કરી શકીએ.

સમયનું વ્યવસ્થાપન જીવનને મધુપૂડો બનાવે છે. ચાલો, આપણે પણ આપણા જીવનને મધપૂડો બનાવી મધુસંચય કરી આપણે આપણા અક્ષયપાત્રને તો ભરીએ સાથો સાથ અન્યના પણ અક્ષયપાત્રને ભરીએ અને જીવનને કૃતાર્થ બનાવીએ... ઘડિયાળને દિવાલ પર તો રાખીએ, કાંડા પર બાંધીએ, સાથે સાથે દિલમાં વસાવીએ અને સમયની શરણાગતિ સ્વીકારીએ. સમયની સાથે ચાલીએ સમયનું મૂલ્ય સમજીએ, સમયનું પાલન કરીએ.

- સંદર્ભ પુસ્તક : આનંદનો રાજમાર્ગ